A.2.13 19

Published by Amity B.Ed. College, Bharuch

Journal of YTIF

Journal of YTIF ISSN 2395-6437

# સ્ત્રી સશક્તિકરણ અને ઉચ્ચશિક્ષણ

ડો. ભાવેશ રાવલ
આચાર્યશ્રી,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, પાંડેસરા, સુરત
મો. ૯૪૨૮૦૨૦૧૬૮

**સારાંશ**

ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન મહત્વનું છે. આમ છતાં, લોકોના સ્ત્રીઓ પ્રત્યેના મનોવલણો ક્યારેક પૂર્વગ્રહયુક્ત જોવા મળે છે. સ્ત્રીશિક્ષણ અને એમાંય ઉચ્ચ શિક્ષણ અપાવવું? ક્યાં પ્રકારનું? ફાયદો શો? ભાવિ જીવનસાથી મળશે? જેવા પ્રશ્નો ખડા કરનાર વર્ગ, સંપ્રદાયો, વિસ્તાર, જ્ઞાતિઓ આજે પણ મોટા પ્રમાણમાં મોજૂદ છે. આ સ્થિતિને લીધે સ્ત્રીઓનું શોષણ, માનહાનિ, અધિકારોથી વંચિતતા, પરાધિનતા જેવા પાસાં સ્વસ્થ સામાજિક જીવનમાં અવરોધક બને છે. આ હકીકતને કેન્દ્રમાં રાખી સરકારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર વિચારમંથન કર્યું છે. જેના પરિપાકરૂપે બંધારણ, રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૧૯૮૬ અને સરકારની યોજનાઓમાં સ્ત્રીઓ માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે સ્ત્રીઓનું પ્રમાણ વધે, વ્યાવસાયિક અભ્યાસક્રમ તરફ ઝોંક વધે, પોતાના નિર્ણયો જાતે લઇ અસરકારક અમલ કરે, હક્ક માટે લડે તે માટેનાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સ્ત્રી સશક્તિકરણની દિશામાં યુનિવર્સીટી કક્ષાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદો યોજીને વિચારમંથન કરવામાં આવ્યું છે. સમિતિની રચના અને તેઓના સૂચનોને આધારે ઉચ્ચશિક્ષણ અભ્યાસ, અભ્યાસક્રમ, પ્રવૃત્તિઓ, શિસ્ત અને નેતૃત્વમાં સક્રિયતા જેવા પાસાં પર વિશેષતઃ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સ્ત્રીઓના માનસિક, સામાજિક, આર્થિક અને રાજકીય દરજ્જાને ઊંચો લાવી સશક્તિકરણના પ્રયાસો થાય છે. જેથી લાંબે ગાળે સુસંવાદિત સમાજનું નિર્માણ થાય તેવી શકયતાઓ વધી છે.

**ચાવીરૂપ શબ્દો:** સ્ત્રી સશક્તિકરણ, દરજ્જો, ઉચ્ચ શિક્ષણ



Scanned by CamScanner

## પ્રસ્તાવના:

ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ગરિમાપૂર્ણ રહ્યું છે. વેદકાલીન સમયથી આજદિન સુધી સ્ત્રીઓએ નિર્ણાયક ભૂમિકા અદા કરી છે. સમાજના પ્રત્યેક વર્ગ, દેશના દરેક પ્રાંતમાં સ્ત્રીઓએ સામાજિક ઉત્થાનમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે, એ નિર્વિવાદ છે. આમ છતાં, લોકોના સ્ત્રીઓ પ્રત્યેના વલણો ક્યારેક પૂર્વગ્રહયુક્ત જોવા મળે છે. 'ઔરત પૈર કી જૂતી હૈ', 'સ્ત્રીઓની બુદ્ધિ પગની પાનીએ', 'નિર્ણય લેવો એ મર્દોનું કામ', 'ભણી ગણીને કઈ મોટી કલેકટર બનવાની છે.' 'મોટી છોકરી સાસરે સારી' જેવા વાક્યો અવારનવાર સાંભળવા મળે છે. મધ્યયુગીન માનસિકતા ધરાવતાં સમાજમાં પરદાપ્રથા આજે પણ મોજૂદ છે. હજી પણ કેટલાક સંપ્રદાયોમાં સ્ત્રીઓને ઉપભોગનું સાધન માત્ર માનવામાં આવે છે. આવા સંજોગોમાં સ્ત્રી સશક્તિકરણના વધુ સબળ પ્રયાસોની જરૂરિયાત વર્તાય છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૧૯૮૬ના ઘડતર પૂર્વેનું શૈક્ષણિક સામાજિક મંથન પણ આ બાબત તરફ નિર્દેશ કરી ગયું. જેના પરિપાકરૂપે 'શિક્ષણની સમાન તક અંતર્ગત સ્ત્રીઓને શિક્ષણ' ના શીર્ષક હેઠળ સ્ત્રી સશક્તિકરણની દિશામાં એક મહત્વનું કાર્ય થયું.

ભારતીય સમાજ ધાર્મિકવૃત્તિવાળો તેમજ રૂઢીચુસ્ત છે તે વાત સદીઓ જૂની છે. રમે એક ધોબીની ટીકાથી સીતાનો ત્યાગ કર્યો હતો. આજે ઉંમર વધતાં દીકરીને ભણાવવા કરતાં પરણાવીને ઠેકાણે પાડવાની વાત પ્રથમ વિચારતા મા-બાપ ઘણા છે.

સમાજ, જાતિ, ધર્મ અને ચોક્કસ સમુદાયના સ્ત્રીશિક્ષણ પ્રત્યેના વલણો હમેશાં દ્વેષપૂર્ણ અને નકારાત્મક અનુભવાય છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુધી ખૂબ ઉત્સાહિત જણાતા મા-બાપો કન્યા કેળવણીનું ફલક ઉચ્ચ શિક્ષણ સુધી કે નહિ વિસ્તરતા હોય? યુ.જી.સી. દ્વારા પ્રકાશિત આંકડાઓ પરથી ચિત્ર સ્પષ્ટ થાય છે કે 'સ્ત્રીઓના અભ્યાસ માટેનું પસંદગીનું ક્ષેત્ર આર્ટસ અને શિક્ષણ વિદ્યાશાખા છે.' આવું શા માટે બનતું હશે? સામાજિક પરિપ્રેક્ષ્યમાં વ્યાવસાયિક ક્ષેત્રે કાર્યરત મહિલાઓનો દરજ્જો અને કૌટુંબિક વલણો જાણવા પણ રસપ્રદ બને છે. અશિક્ષિત અને શિક્ષિત કુટુંબોમાં પણ દહેજ, કાર્યભાર, શોષણ, સામાજિક વંચિતતા તેમજ મૂળભૂત અને કાયદાકીય અધિકારો જેવી બાબતોના લાભથી વંચિત સ્ત્રીઓનું પ્રમાણ મોટું છે. સ્ત્રીઓ સંપતિ સબંધિત અધિકારો ક્યારેક સંબંધ અને સગપણને લીધે સ્વાનુમતિએ જતા કરે છે.



Scanned by CamScanner

આ બધાના મૂળમાં જઈએ તો સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણનું નીચું પ્રમાણ કારણભૂત હોઈ શકે. પોતાના અધિકારો માટેની જાગૃતતા ઉચ્ચ શિક્ષણથી જ મેળવી શકે. સ્ત્રીઓમાં ઉચ્ચશિક્ષણનું પ્રમાણ વધે તે માટેના પ્રયાસો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થઇ ચૂક્યા છે.

## સ્ત્રી સશક્તિકરણ અંગેના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર થયેલા પ્રયાસો

ગાંધીજીએ કહ્યું છે તે મુજબ-

"પુરુષને શિક્ષિત કરવાથી એક વ્યક્તિ સશક્ત થશે જયારે એક સ્ત્રીને શિક્ષણ આપવાથી આખું કુટુંબ સશક્ત બને છે."

<u>વિવેકાનંદના વિચારો અનુસાર-</u>

"સમાજમાં સ્ત્રી શિક્ષણની ઉપેક્ષા કરીને અડધો-અડધ સમાજને આપણે પછાત રહેવા મજબૂર કરીએ છીએ."

આ બધાજ પરિપ્રેક્ષ્યોના આધાર પર આઝાદી બાદ શિક્ષણના માધ્યમથી સ્ત્રી સશક્તિકરણના થયા છે. જેમકે વિયેનામાં થયેલ ઘોષણાના આધારે ભારતીય બંધારણમાં અમલ કરવામાં આવ્યો. જેના પરિણામે કેટલાક સકારાત્મક પરિબળોના પરિણામ સ્વરૂપે સ્ત્રીઓનો વિકાસ શકય બન્યો છે.

ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ સંબંધી સમિતિ (Committee on the status of women in India-CSWI, 1975) એ કરેલ નિર્દેશો મુજબ- 'Deliberate, planned and sustained effort so that the new values of equality of the sexes can replace the traditional values system of inequality.'

ઈ.સ. ૧૯૮૬માં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NPE-૧૯૮૬)માં 'Education for women's equality' પર ભાર મૂકતા શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તનના પ્રયાસો હાથ ધરી શિક્ષણને સ્ત્રીલક્ષી બનાવવામાં આવ્યું. NPE-1986ના પ્રતિવેદનમાં નોંધ્યું છે તે મુજબ-

" A positive interventionist role for the empowerment of women, New values were to be developed through redesigned curriculum re-orientation of teachers, administrators etc. And the active involvement of educational Institutions"

સ્ત્રીઓના રાજકીય, સામાજિક અને આર્થિક દરજ્જામાં સુધારણા માટેના પ્રયાસોના ભાગરૂપે એશિયા પેસેફિક પ્રદેશની ઘોષણા પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત માનવ



Scanned by CamScanner

સંસાધન વિકાસના સ્ત્રીઓના દરજ્જા પરના અહેવાલમાં મહિલાઓની સંસદીય ચર્ચાઓમાં અલ્પ સહભાગિતા તરફ ધ્યાન દોર્યું હતું.

## સ્ત્રી સશક્તિકરણ આડેના અવરોધો

- સમાજમાં વ્યાપક પ્રમાણમાં જાતિભેદ.
- જાતીય સતામણી.
- માનસિક ત્રાસ.
- બળાત્કાર.
- હત્યા કે આત્મહત્યા.
- આધુનિક સ્ત્રીઓની ભૌતિકતા પાછળની દોડ અને માફિયાઓનો સકંજો.
- સ્ત્રી સહજ સ્વતંત્રતાનો દુરુપયોગ.
- માલિકોની માન્યતાને કારણે સ્ત્રીઓ દ્વિતીય કક્ષાની નોકરી જ મેળવી શકે.
- સ્ત્રી શિક્ષણની ઉદાસીનતા પાછળ આર્થિક ગણતરી કારણભૂત.
- દહેજ પ્રથા.
- સ્ત્રીભૂણ હત્યા.
- કન્યા વિક્રય.
- ગ્રામ્ય વિસ્તારમાં સ્ત્રી વેશ્યાવૃત્તિ.
- સ્ત્રીઓને વસ્તુ સમજવી.

## સ્ત્રી સશક્તિકરણ કેવી રીતે?

- ➢ બંધારણમાં સ્ત્રીશિક્ષણની જોગવાઈ અને પ્રત્યેક સ્ત્રીને હક્ક.
- ➢ ન્યાય મેળવવાનો હક્ક અને તે માટે લડવાનું સામર્થ્ય.
- ➢ ન્યાય આપનાર(ન્યાયાધીશ) તરીકે સ્ત્રીઓની ભૂમિકા.
- ➢ શિક્ષણના માળખાને લવચીક બનાવવું.
- ➢ સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહક પગલાં લઇ ઉચ્ચશિક્ષણ માટે પ્રેરણા આપવી.



Scanned by CamScanner

- રેગીંગ સંબંધી કાયદાઓનો કોલેજોમાં કડક અમલ કરવો.
- સામાજિક ક્ષેત્રોમાં સંગઠનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવા પ્રોત્સાહિત કરવા.
- જાતિયતા સંબંધી ન્યાયનો વ્યવહારમાં અમલ કરવો.
- ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક જીવનના સત્યોને ઉજાગર કરીને સ્ત્રીઓને એક વ્યક્તિ તરીકે સ્વીકાર કરવો.
- ગરીબી જેવી સમસ્યાઓ સામે લડવા માટે સ્ત્રી-પુરુષ વચ્ચે સુસંવાદિતા સ્થાપવી.
- લાયકાત અનુસારનું કામ વેતન ( દ્વિતીય કક્ષાનું કામ અને વેતન નહિ)
- દૂરસ્થ શિક્ષણ દ્વારા શિક્ષણનું ફલક વિસ્તારવું.
- વ્યાવસાયિક શિક્ષણથી સ્વરોજગારીની તકોનું નિર્માણ કરવું.
- પોતાના નિર્ણયો જાતે કરે તેવી ક્ષમતાનું અને સ્થિતિનું નિર્માણ.
- રાજકીય કક્ષાએ આગળ વધે તે માટે નેતૃત્વનો પાયો કૉલેજ કક્ષાએ આપવો.
- સ્ત્રીની સિદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપી આગળ વધારવું.
- કૉલેજમાં N.S.S., N.C.C. અને સ્કાઉટની પ્રવૃત્તિઓમાં સામેલગીરી.

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૧૯૮૬ અને સ્ત્રી સશક્તિકરણ

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૧૯૮૬માં સૂચવ્યા મુજબ- 'ઉચ્ચ શિક્ષણે સકારાત્મક ભૂમિકા દ્વારા સ્ત્રી સશક્તિકરણની દિશામાં આગળ વધવાનું છે.' તે સંબંધી માપદંડો નીચે મુજબ છે.

સ્વ-પ્રતિષ્ઠા અને આત્મવિશ્વાસ વધારવો.

સમાજ,રાજનીતિ અને અર્થતંત્રમાં પોતે ફાળો આપવાને સામર્થ્યવાન છે તેવી સકારાત્મક છાપ ઉભી કરવી.


ISSN 2395-6437

Issue-9: July-Sept 2017

Scanned by CamScanner

સમીક્ષાત્મક વિચારણાની ક્ષમતા વિકસાવવી.

નિર્ણય લઈને અમલમાં મૂકવાની પ્રક્રિયા હસ્તગત કરે.

શિક્ષણ, રોજગારી,સ્વાસ્થ્ય અને બાળસંભાળ સંબંધી બાબતોમાં પસંદગી દર્શાવી શકે.

વિકાસની પ્રક્રિયામાં સમાન સહભાગિતા.

માહિતી, જ્ઞાન અને કૌશલ્યો પૂરા પાડી આર્થિક સ્વતંત્રતા આપવી.

પોતાના હક્ક વિશે જાણે અને સમાજમાં પુરુષ સમોવડી બની ભૂમિકા અદા કરે.

**ભારતમાં સ્ત્રીઓની સ્થિતિના અભ્યાસ માટેની સમિતિ(CSWI-1975) દ્વારા સૂચિત સ્ત્રી સશક્તિકરણ માટે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિવિધ કાર્યક્ષેત્રો**

1. સ્ત્રીઓની સામાજિક ભૂમિકા અને અધિકારો પ્રત્યેના વર્તમાન વલણો તેમજ મૂલ્યોમાં પરિવર્તન લાવવું.
2. સ્ત્રીઓના વિકાસ માટે તેઓની ક્ષમતા અને સ્ત્રોતોના વિકાસની પ્રક્રિયાને વેગ અને બળ આપવું.
3. સ્ત્રીઓ સંબંધિત સામાજિક મુદ્દાઓ અને તે સંબંધી સમસ્યાઓના ઉકેલ માટેના પ્રયાસો હાથ ધરવા.
4. સ્ત્રીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક તેમજ સંવેદનશીલ વ્યવહાર કરવો.
5. સ્ત્રીઓ કૌટુંબિક અને વિવિધ ક્ષેત્રોમાં અર્થપૂર્ણ ભૂમિકા ભજવે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવી.
6. સમાનતા, સામાજિક સમરસતા, બિનસાંપ્રદાયિકતા, સામાજિકીકરણ અને લોકશાહી મૂલ્યોનો શિક્ષણ વ્યવસ્થામાં વિકાસ કરવો.
7. સ્થાપિત સિદ્ધાંતો સંદર્ભે પ્રવર્તમાન અભ્યાસક્રમનું નવિનીકરણ કરવું.



Scanned by CamScanner

8. વિવિધ શાખાઓમાં શૈક્ષણિક, સંસોધાનાત્મક અને વિકાસાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવી.

9. વ્યાવહારિક જ્ઞાન માટે ક્ષેત્રકાર્ય (Field Work) સોંપવું.

10. ભારતીય નારીઓ(વેદકાળથી અર્વાચીન સમય સુધી)ની સ્થિતિ જાણવા સાહિત્ય, લોક સાહિત્યનો અભ્યાસ તેમજ સંશોધન 'સ્ત્રીઓ સંબંધી વૈશ્વિક ચર્ચા' માં મજબૂત આધાર બનશે.

## ઉપસંહાર:

સ્ત્રી સશક્તિકરણની દિશામાં બંધારણમાં સુધારા, કાયદાકીય સવલતો, નીતિ ઘડતર અમે સહાય યોજના ઘડી સરકારે પહેલ કરી છે. શિક્ષણમાં ખાસ કરીને ઉચ્ચ શિક્ષણની અસરકારકતા વધુ સારા પરિણામો આપવાની શક્યતાઓ ધરાવે છે. આ બાબતોને ધ્યાનમાં લઇ શિક્ષણ સંસ્થાઓ સામાજિક ચેતનાનું કેન્દ્ર બને તો ખરાં અર્થમાં સ્ત્રી સશક્ત બને. સાથોસાથ આ સામાજિક ઉત્થાનની પ્રક્રિયા હોવાથી પુરુષપ્રધાન સમાજે પણ વિચાર વલણો અને વ્યવહારોમાં ખૂલ્લાંપણું લાવી વ્યવહાર કરવો જરૂરી છે. સ્ત્રી સશક્તિકરણ એ વર્તમાન સમાજની અનિવાર્યતા છે, પરંતુ તેનું સ્થાપન પરંપરાગત ભારતીય મૂલ્યોની જીવંતતા સાથે. આમ કરી શકીશું તો સાચા અર્થમાં સ્ત્રી સશક્તિકરણ થશે.

## સંદર્ભસૂચિ


Devi, Pani (2005). University News, New Delhi. Page No.8, Feb-28, March-5.

Panda, S., Bhalla, V.(2005). Society Education and Development, New Delhi: Association of Indian Universites.

પટેલ અને અન્ય.,(૨૦૦૨). શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો. અમદાવાદ: બી.એસ.શાહ પ્રકાશન.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૧૯૮૬. નવી દિલ્હી: માનવ સંસાધન વિકાસ મંત્રાલય




Scanned by CamScanner